ક્રમાંક:જીઆઇડીસી/એએલટી/પોસ્ટ-
વિતરણ/પોલિસી/૧૮
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તા.૧૩.૧૦.૨૦૨૫

# // પરિપત્ર //

**વિષય : નિગમ દ્વારા ફાળવેલ ઔદ્યોગિક, વાણિજ્ય અને રહેણાંક મિલકતોના વપરાશ માટેના "Utilization Certificate" બાબત.**

**સંદર્ભ :** ૧) જીઆઇડીસી/પોલિસી/પોસ્ટ-વિતરણ/૦૯, તા.૨૨/૦૬/૨૦૨૨.
૨) GIDC/Pre-Alt/Allotment/Policy/17, તા.૧૮/૧૦/૨૦૨૪.

રાજ્યમાં ઉદ્યોગોનો સંતુલિત અને સુવ્યવસ્થિત વિકાસ થાય તે હેતુથી નિગમ દ્વારા વિકસાવેલ ઔદ્યોગિક વસાહતમાં પ્લોટની ફાળવણી કરવામાં આવે છે. જેમાં પ્લોટની ફાળવણી બાદ તેનો વપરાશ થાય અને પ્લોટ વણવપરાશી ન રહે તે હેતુ નિગમ દ્વારા ફાળવણીદારને પ્લોટના વપરાશ માટે મૉરેટોરિયમ સમયગાળો આપવામાં આવે છે, જે ચોક્કસ સમયગાળામાં ફાળવણીદારે બાંધકામના નકશા મંજુર કરાવી, લઘુત્તમ ૨૦% બાંધકામ કર્યા સાથે કાયમી વીજ જોડાણ મેળવી પ્લોટનો વપરાશ કરવાનો રહેતો હોય છે. જે અંગે ફાળવણીદારને ફાળવવામાં આવતાં પ્લોટ/શેડના ફાળવણીપત્રમાં પણ ઉલ્લેખિત કરેલ હોઈ, નિગમની સંદર્ભિત નીતિ તા.૧૮/૧૦/૨૦૨૪ માં કરેલ જોગવાઈ મુજબ ફાળવણીદાર દ્વારા મૉરેટોરિયમ સમયગાળામાં પ્લોટ/શેડનો વપરાશ કર્યા બાદ નિયત કરેલ આધારપુરાવા સાથે નિગમને જાણ કરી "Utilization Certificate" મેળવવાનું રહે છે. ઉપરાંત, વિવિધ ઉદ્યોગકાર/વસાહતમંડળ તરફથી નિગમના ફાઈલ રેકર્ડમાં કોઈ પ્લોટના ઉદ્યોગકાર દ્વારા પ્લોટના વપરાશ બાદ પણ ભૂતકાળમાં વપરાશના પુરાવા રજુ કરેલ ન હોઈ/વપરાશ પ્રસ્થાપિત થયેલ ન હોઈ તેમજ વર્તમાન સમયમાં પણ પ્લોટ વપરાશ હેઠળ ન હોઈ, નિગમની તા.૨૨/૦૬/૨૦૨૨ ની નીતિની જોગવાઈ મુજબ કેટેગરી-૨ મુજબ અગાઉ વપરાશી અને હાલ વણવપરાશી કક્ષા હેઠળ ગણવા અંગેની રજૂઆતો કરવામાં આવેલ છે.

આમ, ઉપરોક્ત પરિસ્થિતિ અને નિગમની તા.૧૮/૧૦/૨૦૨૪ ની નીતિની જોગવાઈ મુજબ ફાળવણીદાર દ્વારા પ્લોટ/શેડના મૉરેટોરિયમ સમયગાળામાં પ્લોટના વપરાશ કર્યા બાદ પ્લોટ વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવવા અંગેની વ્યવસ્થા અમલમાં લાવવા હેતુ ઓનલાઇન મોડ્યુલ વિકસાવવા અંગેની જરૂરીયાત જણાતી હોઈ, નિગમ દ્વારા ફાળવેલ પ્લોટ/શેડના વપરાશ માટે નીચે મુજબની જોગવાઈ સાથે "Utilization Certificate" મેળવવા અંગેની નીતિ અમલમાં મુકવામાં આવે છે:

**(૧)** જે-તે પ્લોટ/શેડના રેકર્ડ આધારિત ફાળવણીદાર દ્વારા "Utilization Certificate" મેળવવા માટે ઓનલાઈન માધ્યમથી અરજી કરવાની રહેશે. જે મુજબ ક્ષેત્રીય કચેરી દ્વારા જરૂરી વિગતો ચકાસી નીતિનિયમોનુસાર યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

**(૨)** આ નીતિ ઔદ્યોગિક પ્લોટ/શેડ ઉપરાંત રહેણાંક અને વાણિજ્ય પ્લોટની મિલકતોને પણ લાગુ પડશે.

**(૩)** જે-તે પ્લોટ/શેડની ફાળવણી/તબદીલીના હેતુ મુજબનો વપરાશ જળવાતો હોવો જોઇએ.

**(૪)** નિગમની તા.૧૮/૧૦/૨૦૨૪ ની નીતિ અન્વયે ફાળવણી થયેલ પ્લોટ/શેડના વપરાશમાં આવ્યેથી વીજવપરાશના બીલ સાથે કાયમી વીજજોડાણનું પ્રમાણપત્ર, લઘુત્તમ ૨૦% ગ્રાઉન્ડ કવરેજ બાંધકામની ચકાસણી કરવાની રહેશે. જયારે અગાઉના સમયગાળામાં ફાળવણી થયેલ પ્લોટ/શેડના વપરાશની ચકાસણી માટે વપરાશના પુરાવા તરીકે કાયમી વીજજોડાણનું પ્રમાણપત્ર સાથે નિગમના નીતિનિયમ મુજબ વિજવપરાશનું સ્ટેટમેન્ટ, લઘુત્તમ ૨૦% ગ્રાઉન્ડ કવરેજ બાંધકામની ચકાસણી

કરવાની રહેશે તેમજ અરજી સમયે જે-તે પ્લોટ/શેડ વપરાશમાં હોવા હોઈએ. સદર બાબતે ના.કા.ઈ.શ્રી પાસેથી પ્રા.મે.શ્રી એ અહેવાલ મેળવીને કાર્યવાહી કરવાની રહેશે.

**(૫)** "Utilization Certificate" આપવા બાબતે નિર્ણય લેવાની સત્તા નિગમના તા.૧૮/૧૦/૨૦૨૪ ની નીતિથી નિયત કરેલ સત્તાસોંપણી અનુસાર ૨૦,૦૦૦ ચો.મી. સુધીના વિસ્તાર ધરાવતા પ્લોટ/શેડ બાબતે પ્રાદેશિક મેનેજરશ્રીને સત્તા રહેશે, જયારે ૨૦,૦૦૦ ચો.મી. કરતાં વધુ વિસ્તાર ધરાવતા પ્લોટ/શેડ બાબતે વિભાગીય પ્રબંધકશ્રીને સત્તા રહેશે. સદર કાર્યવાહી માટે સમયમર્યાદા નીચે મુજબ રહેશે.

| Sr. No. | Application Name | Time limit and workflow to process the application | | | | | | Total Days |
|---|---|---|---|---|---|---|---|---|
| | | DA | DEE | XEN | AM | RM | DM | |
| 1 | Utilization Certificate | 7 | 5 | 2 | 6 | 6 | 4 | 30 |

નિગમના તમામ સંબધિત અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ એ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

**પ્રતિ,**
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**નકલ રવાના :**

૧. જનરલ મેનેજરશ્રી (ગ્રેડ-૧) (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ... તરફ નિગમની વેબસાઇટ પર મૂકવા સારું તેમજ "Utilization Certificate" માટે ઓનલાઇન મોડ્યુલની અમલવારી/**Live** કરવા સારૂ.

૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારું.

૩. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારું.

રવાના કર્યું,

જનરલ મેનેજર ગેડ-૧ (મહેકમ)